# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-02-2025** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધી ઉંધાડ** વાંચે છે.

---

1. **નાણામંત્રી કનુ દેસાઈએ અંદાજપત્ર 2025-26માં અનેક મહત્વની જાહેરાત કરી.**
2. **નાણામંત્રીએ જણાવ્યું, પ્રધાનમંત્રી સૂર્યઘર યોજનાના અમલીકરણમાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર.**
3. **રાજ્યના અંદાજપત્રમાં શિક્ષણ ક્ષેત્ર માટે સૌથી વધુ 59 હજાર 999 કરોડ રૂપિયાની જોગવાઈ.**
4. **રાજ્યના વહીવટી માળખા અને કાર્યપદ્ધતિઓમાં જરૂરી ફેરફાર કરવા ગુજરાત વહીવટી સુધારણા પંચની રચના કરાશે.**
5. **ભારતીય પુરાતત્વ વિભાગના 5 સભ્યોએ દેવભૂમિદ્વારકાના દરિયામાં સંશોધન કાર્ય હાથ ધર્યું.**

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# GUJARAT BUDGET

નાણામંત્રી કનુ દેસાઈએ ગઈકાલે ગાંધીનગર ગુજરાત વિધાનસભા ગૃહમાં વર્ષ 2025-26 માટેનું 3 લાખ 70 હજાર 250 કરોડ રૂપિયાનું અંદાજપત્ર રજૂ કર્યું, જે ગત વર્ષની સરખામણીએ 37 હજાર 785 કરોડ જેટલું વધું છે. શ્રી દેસાઈએ જણાવ્યું કે, આ વર્ષના અંદાજ મુજબ, મહેસુલી હિસાબ પરની પૂરાંત 19 હજાર 695 કરોડ રૂપિયા રહેશે. આ સાથે એકંદર પુરાંત એક હજાર સાત કરોડ રૂપિયાની રહેશે.

મહત્વની જાહેરાત પર નજર કરીએ , અંદાજપત્રમાં એક કરોડ રૂપિયા સુધીની લૉનની રકમ માટે ગીરો ખેત પર લેવાતી સ્ટેમ્પ ડ્યૂટીમાં ઘટાડાની જાહેરાત કરાતા હવે 5 હજારની સ્ટેમ્પ ડ્યૂટી ભરવાની રહેશે. જ્યારે વડીલો પાર્જિત મિલકતમાં પુત્રના વારસદારોની જેમ પુત્રીનાં વારસદારો માટે મહત્તમ 200 રૂપિયાની સ્ટેમ્પ ડ્યૂટી ભરવાની રહેશે. જ્યારે એક વર્ષથી ઓછા સમયગાળાના ભાડાપટ્ટાના લેખ પર સરેરાશ વાર્ષિક ભાડાની રકમ પર એક ટકા સ્ટેમ્પ ડ્યૂટી ભરવાની જોગવાઈ પણ છે, જેની જગ્યાએ રહેણાંક માટે 500 રૂપિયા અને વાણિજ્ય માટે એક હજાર રૂપિયાની સ્ટેમ્પ ડ્યૂટી લેવાશે. આ તરફ ઇલેક્ટ્રિક વાહનો પર એક વર્ષ માટે 5 ટકા સુધીની રિબેટ અપાશે. જ્યારે વેરાનો દર એક ટકા રહેશે.

આગામી સમયમાં 200 નવી પ્રીમિયમ AC બસ અને 10 કારવૅન સંચાલનમાં મુકાશે. રાજ્યમાં આ વર્ષે ડોલવણ , ખેરગામ, નેત્રંગ અને સંજેલી ખાતે 4 નવી એકલવ્ય મોડેલ રેસિડેન્શીયલ સ્કૂલ શરૂ કરાશે. રાજ્યમાં અગ્નિશામક સેવાઓ માટે એક રાજ્ય એક કેડરની સ્થાપના દ્વારા અગ્નિશામક અને કટોકટી સેવાઓને મજબૂત બનાવાશે. જ્યારે ગૌચરના રક્ષણ માટે ફેન્સીંગ તથા તેમાં ઘાસચારાનું વાવેતર થઈ શકે તે માટે ડ્રીપ ઈરીગેશન વ્યવસ્થા કરાશે. જામનગર ખાતે નવી કૃષિ કૉલેજ અને બનાસકાંઠાના થરાદ ખાતે કૃષિ ઇજનેરી કૉલેજની સ્થાપના કરાશે.

# KANU DESAI BUDGET

નાણામંત્રી કનુ દેસાઈએ જણાવ્યું કે , પ્રધાનમંત્રી સૂર્યઘર યોજનાના અમલીકરણમાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર છે.

(બાઈટઃ કનુ દેસાઈ, નાણામંત્રી)

રાજકીય વિશ્લેષક જયવંત પંડ્યાએ પણ અંદાજપત્ર અંગે પ્રતિક્રિયા આપી હતી.

(બાઈટઃ જયવંત પંડ્યા, રાજકીય વિશ્લેષક)

# EDUCATION BUDGET

ગુજરાત વિધાનસભામાં ગઈકાલે નાણામંત્રી કનુ દેસાઈએ રજૂ કરેલા અંદાજપત્રમાં સૌથી વધુ 59 હજાર 999 કરોડ રૂપિયાની જોગવાઈ શિક્ષણ ક્ષેત્ર માટે કરવામાં આવી.

આ અંગે રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી પ્રકુલ પાનશેરિયાએ જણાવ્યું કે , અંત્યોદય સુધી દરેક બાળકને શિક્ષણ પ્રાપ્ત થશે. અંદાજપત્ર વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે તેમ પણ શ્રી પાનશેરિયાએ જણાવ્યું હતું.

**(બાઈટઃ પ્રફૂલ પાનશેરિયા, રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી)**

# MEHSANA BUDGET

મહેસાણા મહાનગરપાલિકાના કમિશનર રવિન્દ્ર ખટાલેએ મહાનગરપાલિકાની સમિતિમાં વર્ષ 2025-26નું ડ્રાફ્ટ બજેટ રજૂ કર્યું. મહાનગરપાલિકા બન્યાં બાદનું આ પ્રથમ બજેટ ગત બજેટ કરતાં 385 ટકા વધુ છે. બજેટમાં આંગણવાડી અને આરોગ્ય કેન્દ્ર, વરસાદી પાણીના નિકાલ સહિતની યોજનાઓનો ઉલ્લેખ કરાયો છે.

# GUJARAT VAHIVATI PANCH

રાજ્યના વહીવટી માળખા અને કાર્યપદ્ધતિઓમાં જરૂરી ફેરફાર કરવા ગુજરાત વહીવટી સુધારણા પંચની રચના કરાશે. નાણામંત્રી કનુ દેસાઈએ અંદાજપત્રમાં આ જાહેરાત કરી હતી. આ સુધારણા પંચમાં અધ્યક્ષ તરીકે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના મુખ્ય અગ્રસલાહકાર હસમુખ અઢિયા ઉપરાંત અન્ય પાંચ સભ્યની નિમણૂંક કરાશે.

આ પંચ વહીવટી અને શાસન માળખું , માનવશક્તિનું તર્કસંગતીકરણ અને માનવ સંશાધન વ્યવસ્થાપન , નાણાકીય વ્યવસ્થાપન , વિકેન્દ્રીકરણ અને સ્થાનિક શાસન, ટેક્નોલૉજી અને નવીનતાનો ઉપયોગ , દેખરેખ અને મૂલ્યાંકન માળખાનો અભ્યાસ કરી તે અંગે વિચારણા કરીને સરકારને ભલામણ રજૂ કરશે.

# DWARKA ARCHEOLOGICAL SURVEY

ભારતીય પુરાતત્વ વિભાગના 5 સભ્યોએ દેવભૂમિદ્વારકાના દરિયામાં સંશોધન કાર્ય હાથ ધર્યું છે . પ્રૉફેસર આલોક ત્રિપાઠીની અધ્યક્ષતામાં આ સભ્યો દરિયામાં ડૂબેલા સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરવા આ કામ કરી રહ્યા છે. પૌરાણિક દેવભૂમિ દ્વારકાની શોધખોળ કરી તેને પુનઃર્જીવિત કરવા આ મહત્વનું પગલું પુરાતત્વ વિભાગ દ્વારા લેવાયું છે. આ અંગે પુરાતત્વ વિભાગના એડિશનલ ડિરેક્ટર જનરલ પ્રૉફેસર આલોક ત્રિપાઠીએ આપી.

## (બાઈટ - પ્રૉફેસર આલોક ત્રિપાઠી)

*(ઉલ્લેખનીય છે કે, અગાઉ વર્ષ 2005થી 2007 દરમિયાન પણ દ્વારકામાં પાણીની અંદર સંશોધન થયું હતું. તેમ જ દરિયાની અંદર રહેલા પથ્થર અને અન્ય શિલ્પ મળી આવતા ત્યારે તેની તપાસ થઈ હતી. હવે ફરી દ્વારકાથી બેટદ્વારકા સુધીના દરિયાઈ વિસ્તારમાં પુરાતત્વની ટુકડી તબક્કાવાર સંશોધન કરી રહી છે.)*

# HIV SAMMELAN

અમદાવાદ ખાતે આજથી 23 ફેબ્રુઆરી સુધી દેશના H.I.V. તબીબી નિષ્ણાતોનું 16મું રાષ્ટ્રીય સંમેલન એસિકૉન 2025 યોજાશે. H.I.V. નિષ્ણાતોના સૌથી મોટા તબીબી વ્યવસાયિક સંગઠન એઈડ્સ સોસાયટી ઑફ ઇન્ડિયા- A.S.I. દ્વારા પહેલી વાર રાજ્યમાં આ સંમેલનનું આયોજન કરાયું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આ સંમેલનનું ઉદ્ઘાટન કરશે.

ત્રણ દિવસના સંમેલનમાં અનેક વિષય પર H.I.V. સંબંધિત તબીબી વ્યાખ્યાન અને સત્ર યોજાશે, જેમાં એશિયા પેસિફિક ક્ષેત્ર અને ભારતના તાજેતરના H.I.V. સંબંધિત આંકડાઓ , ટેસ્ટિંગ ખાસ કરીને H.I.V. સ્વ-પરીક્ષણ, એન્ટિરેટ્રોવાયરલ દવાઓ પર લેટેસ્ટ રિસર્ચ પેપર સામેલ હશે.

# GANDHINAGAR VASANTOTSAV

ગાંધીનગરમાં કળા અને સંસ્કૃતિના મહોત્સવ વસંતોત્સવનો આજથી પ્રારંભ થશે. સંસ્કૃતિકુંજ ખાતે આગામી 2 માર્ચ સુધી યોજાનારા આ મહોત્સવનું આયોજન , રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ , યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ભારતીય સાંસ્કૃતિક સંબંધ પરિસદ અને ઉદયપુરના પશ્ચિમ ક્ષેત્ર સાંસ્કૃતિક કેન્દ્ર દ્વારા કરાયું છે.

આજે પ્રથમ દિવસે ગુજરાત સહિત વિવિધ રાજ્યના નૃત્યની પ્રસ્તૂતિ કરાશે. મહોત્સવમાં આપણી સંસ્કૃતિની ઝાંખી કરાવતા અને મન મોહી લે તેવા વિવિધ રંગારંગ કાર્યક્રમ, લોકકલાના જીવંત પ્રદર્શન અને પરંપરાગત હસ્તક ળાની ખરીદીનો આનંદ માણી શકાશે.

# DGP VIKAS SAHAY

ભાવનગરમાં આજે રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયની ઉપસ્થિતિમાં યોજાનારી ક્રાઈમ પરિસદ માટેની તૈયારીઓ કરવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા રાજ્યની રેન્જ કચેરી ખાતે આ પરિસદ યોજવાની પહેલ કરવામાં આવી છે. પરિસદમાં ADGP, રાજ્યના IGP, તમામ શહેરના પોલીસ કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓ ભાગ લેશે.

# BHARUCH PARIKSHA SAMITI BETHAK

ભરૂચ જિલ્લામાં 27મી ફેબ્રુઆરીથી શરૂ થનારી ધોરણ 10 અને 12 બોર્ડની પરીક્ષાને લઈ જિલ્લા પરીક્ષા સમિતિની બેઠક યોજાઈ ગઈ. જિલ્લા કલેક્ટર ગૌરાંગ મકવાણાની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં ટ્રાફિક સંચાલન, યોગ્ય આયોજન , એસ.ટી. બસની વ્યવસ્થા, વીજળી, પ્રાથમિક આરોગ્યની સુવિધાઓ સહિત તમામ પૂર્વ તૈયારીઓ અંગે ચર્ચા કરવામાં આવી.

# BHARUCH EXAM

ભરૂચ જિલ્લામાં આ વખતે ધોરણ 10માં 22 હજાર 583 , ધોરણ 12 સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહમાં કુલ 11 હજાર 202 વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. 186 જિલ્લા શિક્ષણ કચેરી સ્ટાફ , પાંચ કલેક્ટર કચેરી સ્ટાફ , 734 પોલીસ સ્ટાફ , 131 નિરીક્ષક સહિત કુલ 3 હજાર 477 જેટલા કર્મચારીઓ પરીક્ષા કામગીરીમાં જોડાશે. આ અંગે જિલ્લા શિક્ષણાધિકારી સ્વાતિબા રાઓલે માહિતી આપી.

**(બાઈટઃ સ્વાતિબા રાઓલ- જિલ્લા શિક્ષણાધિકારી)**

# SANGIT SAMAROH

કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂતની અધ્યક્ષતામાં પાટણની રાણી  કી વાવ ખાતે સંગીત સમારોહ યોજાયો . સમારોહનો હેતુ યુવા નોને ભારતીય સંસ્કૃતિ અને લોકકળાથી અવગત કરવાનો હતો.  દરમિયાન શ્રી રાજપૂતે  પાટણનાં એક હજાર 280મા સ્થાપના દિવસની પાટણવાસીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

# BHATIGAL GER MELO

છોટાઉદેપુર જિલ્લામાં  16 માર્ચે યોજાનારા વિશ્વવિખ્યાત ભાતીગળ "ગેર"નો લોકમેળા અંગે જિલ્લા કલેકટર ગાર્ગી જૈનની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ . બેઠકમાં આ મેળાને પણ રાષ્ટ્રીય કક્ષાના મેળાઓમાં સ્થાન મળે તે માટે જિલ્લા વહિવટીતંત્ર દ્વારા નવતર અભિગમ હાથ ધરાયો હોવાનું કલેક્ટરે જણાવ્યું હતું.

જિલ્લા કલેકટર ગાર્ગી જૈને જણાવ્યું કે , સ્થાનિક સંસ્કૃતિને ઉજાગર કરવા જિલ્લા વહિવટીતંત્ર દ્વારા "ગેરમેળા"માં પરંપરાગત તિરંદાજી , ગિલોલ રમત , પિઠોરા ચિત્ર, સંગીતવાદ્ય, લોકવાદ્યો સહિતની સ્પર્ધા યોજાશે. મેળામાં જોડાવવા ઈચ્છુકોએ chhotaudepur.nic.in પરથી નોંધણી કરાવવાની રહેશે.